# રણાસણના બળાત્કાર કેસમાં નવો વળાંક : ડૉક્ટર નિર્દોષ

## ગામ લોકોએ કરેલી તબીબની તરફેણ યોગ્ય કરી, પોલીસની અયોગ્ય તપાસે તબીબની કારકિર્દીને કલંક

તલોદ, તા. ૩૦

તલોદ તાલુકાના રણાસણ ગામે તબીબ ઉપર ૧૪ વર્ષની કિશોરીએ લગાવેલ બળાત્કારનો આરોપ ડીએનએ ટેસ્ટથી ખોટો ઠર્યો છે અને તબીબ નિર્દોષ હોવાનું પુરવાર થયું છે. અતિ ચકચારી બનેલી આ ઘટનાને ગામ લોકોએ વખોડી નાખી હતી અને જે તે સમયે ગામ લોકોએ તબીબની તરફેણ કરી કિશોરી હકીકત છુપાવતી હોવાનો આક્ષેપ કર્યો હતો. છતાં પણ પોલીસે તે સમયે યોગ્ય તપાસ ન કરીને નિર્દોષ તબીબની કારકિર્દી ઉપર કલંક લગાવી દીધુ હતુ. જો કે તપાસનિષ અધિકારી યુવતી સાથે નજીકના સંબંધો ધરાવનાર યુવકોને પુછપરછમાં લઈ ચોક્કસ હકીકત બહાર લાવશે તેવુ લાગી રહ્યું છે.

મળેલ વિગતો મુજબ તલોદ તાલુકાના રણાસણ ગામે થયેલા બળાત્કાર કેસમાં નવો વળાંક આવતાં ગામ તથા તલોદ પંથકમાં ફિટકાર શરૂ થયો છે. ૧૪ વર્ષની કિશોરીએ અન્યનું પાપ ડૉક્ટર માથે ચડાવવાનું કરેલુ કૃત્ય ડીએનએ ટેસ્ટમાં સ્પષ્ટ થઈ ગયું છે અને હવે ડૉક્ટરની જામીન અરજીની સુનાવણી સોમવારે હાથ ધરાવાની છે જેમાં ડીએનએ ટેસ્ટનો રીપોર્ટ રજુ કરવામાં આવનાર છે. હિંમતનગર એસ.ઓ.જી.ના પી.આઈ. બી.એલ. દેસાઈના જણાવ્યા અનુસાર કિશોરીના ગર્ભપાતનું ભ્રુણ આરોપીના ડીએનએ સાથે મળી આવતુ નથી તેવો રીપોર્ટ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા અપાયો છે.

બળાત્કારના આરોપસર હાલ જેલમાં રહેલા ડૉ. જતીન દેસાઈ તરફે રણાસણ ગામના વેપારીઓ અને રહીશોએ જે તે સમયે ડૉક્ટર નિર્દોષ હોવાનું જણાવી બંધ પાળ્યો હતો. ત્યારે પોલીસે ફક્ત કિશોરીની ફરીયાદને ધ્યાને લઈ ધરપકડ કરી લીધી હતી. પરંતુ હાલમાં ચર્ચાઈ રહેલી બાબતો મુજબ પોલીસો જે તે સમયે કિશોરીની કડક પુછપરછ તથા અન્ય પાસા તપાસ્યા હોત તો નિર્દોષ ડૉક્ટરને બળાત્કારનું કલંક કદાચ લાગ્યુ ન હોત. છતાં પણ પોલીસ હવે આ કેસમાં ઉંડી તપાસ હાથ ધરી કિશોરી ઉપર કોણે બળાત્કાર કર્યો તે અંગે હકીકત બહાર લાવી ડૉક્ટરને નિર્દોષ પુરવાર કરવા પ્રયત્ન કરશે તે હકિકત બની છે. જો કે તબીબના પરિવાર ઉપર વિતેલી આ ઘટનાની યાતના અને તબીબે ભોગવેલી સજાનું શું ? તે પણ પ્રશ્ન ઉભો થયો છે.




બાપુનગરમાં આજે શ્વેતાંગ પટેલની અંતિમ યાત્રાને પગલે કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે લોકોએ સ્વયંભુ બંધ પાળ્યો હતો.

# આંદોલનનો બીજો તબક્કો આજથી શરૂ કરાશે : હાર્દિક

## આંદોલન શાંતિપૂર્ણ રહે તે માટે પગલા લેવાશે : હાર્દિક

અમદાવાદ,તા. ૩૦

સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર પટેલ આંદોલનની ગરમી શાંત થઈ નથી ત્યારે હવે બીજા તબક્કાની શરૂઆત થવા જઈ રહી છે. જો કે, આ તબક્કામાં સંપૂર્ણ શાંતિ જાળવી રાખવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હાર્દિક પટેલે આજે દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરી હતી અને વિવિધ મુદ્દા ઉપર પોતાના અભિપ્રાય આપ્યા હતા. ગુજરાત પાટીદાર અનામત આંદોલનનો બીજો તબક્કો આવતીકાલથી શરૂ થશે તે અંગેના અહેવાલથી રાજકીય વર્તુળોમાં ફરી ચર્ચા જાગી છે.




ગુજરાત પાટીદાર અનામત આંદોલનનો બીજો તબક્કો સોમવારે સુરતથી નક્કી કરવામાં આવશે. ઉલલેખનીય છે કે, ગુજારતમાં છેલ્લા ૫૫ દિવસથી ચાલતુ પાટીદાર અનામત આંદોલનથી પટેલ પાવરની પ્રતિતિ થઈ હતી. ૨૫મીના અમદાવાદમાં યોજાયેલ મહાક્રાંતિ રેલી બાદ ફાટી નીકળેલા તોફાનો હવે સંપૂર્ણ શાંત થયા છે. પાટીદારો આગામી દિવસોમાં અનામતની ચળવળ ચલાવવાનું એલાન યથાવત જ છે ત્યારે પોલીસ દમન સામે અને પાટીદાર અનામતના સમર્થનમાં સંખ્યાબંધ પાટીદાર લોકો તેના મહત્વના હોદ્દા પરથી રાજીનામા આપી રહ્યા છે.

રાજકોટ જિલ્લાના જસદણના ભારત બોઘરા સહિતના કાર્પોરેટરો, ઊંઝાના ૧૯ નગર સેવકો, ઉંઝા તુલાકુના ગામડાના સરપંચો, વિસનગરના કોંગ્રેસ પ્રમુખ પાદરાના છ નગરસેવકોએ રાજીનામા આપ્યા છે. મહેસાણના કોંગ્રેસના બે કોર્પોરેટર રમેશ ભુરી અને અતુલે રાજીનામુ આપ્યું છે તો વિસનગરના એક કોર્પોરેટરે પણ રાજીનામુ આપ્યું છે. સંખ્યાબંધ સ્થળે પાટીદાર આગેવાનોના તેમના હોદ્દા પરથી રાજીનામા આપવા રાજી હોવાના સંમતિપત્રો પણ લખાવી લેવાયા છે.

# અરવલ્લી જિલ્લામાં વરસાદ ખેંચાતા ભૂમિપુત્રો ફરી ચિંતીત

મોડાસા, તા. ૩૦

સમગ્ર ગુજરાત રાજ્યમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી હતી. અરવલ્લી જિલ્લામાં સીઝનના પ્રથમ રાઉન્ડમાં વાવણીલાયક શ્રીકાર વર્ષા થતા ધરતીપુત્રોએ મોંઘા બીયારણો ખરીદી વાવણીમાં જોતરાયા હતા. ચોમાસાની બીજી સીઝનમાં વરસાદ ખેતીલાયક વરસતા ભૂમિપુત્રોમાં આનંદ છવાયો હતો. જીલ્લામાં પાક ખેતરોમાં ફૂલે ફાલ્યો હતો ત્યારે ત્રીજા રાઉન્ડના વરસાદે ખાસ કરીને પ્રજા અને ખેડૂતોની આશા સંતોષી નથી. જિલ્લામાં ક્યાંક ક્યાંક વરસાદનો થપ્પો જોવા મળ્યો હતો.

અરવલ્લી જિલ્લામાં શ્રાવણ માસમાં છેલ્લા ૧૦ દિવસથી ભાદરવા જેવો આકરો તાપ અનુભવતા બફારા ગરમીથી પ્રજા વ્યાકુળ બની ગઈ છે. જ્યારે તાપમાનનો પારો ઉંચકાતા ખેડૂતોની ચિંતા વધવા લાગી છે. જિલ્લાના તમામ શહેરો અને ગામડાઓમાં સવારથી અસહ્ય બફારો અને ગરમી અનુભવાય છે. બપોર થતાં આકાશમાંથી અગનગોળા વછુટતા હોય તે રીતે ગરમીનો પ્રકોપ શરૂ થતાં અનેક વિસ્તારોમાં ચોમાસુ ખેતી મુરઝાવા લાગી છે. કેટલાક ભૂમિપુત્રોએ વરસાદના અનિયમીતતાથી સાવધાની રાખી ડ્રીપ તેમજ ઘર આંગણાની સિંચાઈ દ્વારા ખરીફ ખેતીને બચાવાવના પ્રયાસો જિલ્લાના ખેડૂતો મેઘરાજાની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. જિલ્લામાં ૫ દિવસની અંદર મેહુલિયો નહિ વરસે તો જિલ્લાના ખેડૂતોની હાલત કફોડી બની જશે. ભૂમિપુત્રો પોતાનો



આદર્યા છે. જિલ્લામાં ગરમી અસહ્ય બનતા વિજમાંગ વધવા લાગી છે. જેના કારણે અનેક વિસ્તારોમાં વારંવાર વીજળી ડૂલ થતા તંત્ર સામે જનઆક્રોશ વધવા લાગ્યો છે. મહામૂલો પાક અસહ્ય તડકાથી મુરઝાજો જોતા મનમાં મનમાં ભૂમિપુત્રો અને પરિવારજનો મુંઝવણ અનુભવી રહ્યા છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

# વિદ્યાર્થીની પ્રાણીસંગ્રહાલયમાં વોલિયન્ટર તરીકે સેવા લેવાશે

## ૧૯૫ પ્રાણીસંગ્રહાલયોને પોતાના આગામી ૧૦ વર્ષ માટે ઝૂ એજ્યુકેશનને લગતો માસ્ટર પ્લાન તૈયાર કરવા સૂચના

અમદાવાદ,તા. ૩૦

અમદાવાદના કાંકરિયા પ્રાણીસંગ્રહાલ સહિતના દેશના ૧૯૫ પ્રાણી સંગ્રહાલયોમાં ઝૂ એજ્યુકેશનને પ્રોત્સાહન આપવાનો થોડા સમય પહેલા માસ્ટર પ્લાન ઘડવામાં આવી રહ્યો છે જેમાં વિવિધ શાળાઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ પ્રાણીસંગ્રહાલયમાં વોલિયન્ટર તરીકે કામ કરશે અને લોકોને પ્રાણીઓ અંગેની માહિતી ઉપલબ્ધ કરાવશે. સેવા તરીકે લેવામાં આવેલા આ કામથી વિદ્યાર્તીઓ પણ પ્રાણીઓના વર્તન અને તેમની આદતોને નજીકથી જાણી શકશે જેના પગલે પ્રવાસીઓને પણ તેની યોગ્ય માહિતી મળી શકે તેમ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા થોડા સમય અગાઉ દેશના ૧૯૫ પ્રાણીસંગ્રહાલયોને પોતાના આગામી ૧૦ વર્ષ માટે ઝૂ એજ્યુકેશનને લગતો માસ્ટર પ્લાન તૈયાર કરવાની સૂચનાઓ આપવામાં આવી હતી. ઝુ એજ્યુકેશન માટે હવે પ્રવાસીઓ ઉપરાંત અહીં સેવા આપતા કે ફરજ બજાવતા વ્યક્તિઓમાં પણ પ્રાણીઓ અને ઝૂને લગતી માહિતીઓથી જ્ઞાન પ્રાપ્ત થાય તેવો ઉલ્લેખ આ માસ્ટર પ્લાનના ભાગ સ્વરુપે જોવા મળ્યો છે જેમાં વિવિધ શાળો અને કોલેજોના વિદ્યાર્થીઓ પ્રાણીસંગ્રહાલયમાં વોલિયન્ટર તરીકે કામ કરશે, લોકોને પ્રાણીઓ અંગેની માહિતી ઉપલબ્ધ કરાવશે. સેવા તરીકે લેવામાં આવેલા આ કામથી વિદ્યાર્થીઓ પણ પ્રાણીના વર્તન અને તેમની આદતોને નજીકથી જાણી શકશે જેના પગલે પ્રવાસીઓને પણ તેની યોગ્ય માહિતી મળી શકે તેમ છે. ઉપરાંત અમદાવાદ કાંકરિયા સ્થિત પ્રાણીસંગ્રહાલયમાં અગાઉ અમદાવાદમાંથી પકડાયેલા વિવિધ પ્રાણીઓ રાખવામાં આવતા ન હતા. જો કે, હવે ખાસ કરીને અમદાવાદમાંથી પકડાતી પાટલા ઘો, સાપ વગેરે જેવા પ્રાણીઓને પ્રાણીસંગ્રહાલયના સાઈનબોર્ડમાં માહિતી મુકી પાંજરામાં મુકવામાં આવશે. જેના થકી હવે અમદાવાદથી આવતા સહેલાણીઓ કે અન્ય સ્થળોથી આવતા સહેલાણીને અમદાવાદના પ્રાણીઓ પણ પ્રાણીસંગ્રહાલયમાં જોવા મળશે.

# ડીસાના વાસણા ગોળીયા ગામે જમીન વિવાદ તાલુકા પોલીસે નોધી છેતરપીંડીની ફરિયાદ

ડીસા, તા. ૩૦

ડીસા તાલુકાના વાસણાગોળીયા ગામે આવેલી બે સગા ભાઈઓં ને વારસામાં ફળવાયેલી ખેતી લાયક જમીન નો વિવાદ પોલીસ મથકે પહોચ્યો છે.જેમાં એક ભાઈ એ બીજા ભાઈ ને એક લાખ પાંત્રીશ હજારમાં ગીરવે આપેલી જમીન અન્ય વ્યક્તિને બરોબર વેચાણ કરતા આ જમીન ગીરવે રાખનાર અને કબજો ધરાવનાર ભાઈ એ ડીસા તાલુકા પોલીસમાં પોતાના નાના ભાઈ વિરુદ્ધ ગુનાહિત કાવતરું અને છેતરપીંડીની ફરિયાદ નોધાવતા ચકચાર ફેલાયો છે.

ડીસા તાલુકામાં આવેલા વાસણાગોળીયા ગામે આવેલી લાખોની કિમતની ખેતીલાયક જમીન નો વિવાદ પોલીસ મથકે પહોચ્યો છે. આ ધટના ની વિગત જોઈએ તો ડીસા તાલુકાના વાસણાગોળીયા ગામે રહેતા રમેશભાઈ ત્રિકમજી માળી એ પોતાના નાના ભાઈ -વીણભાઈ માળી ને પૈસાની જરૂર હોઈ.-વીણભાઈ ની માલિકીની જમીનગીરો રાખી,જમીન ગીરવે પેટે રૂપિયા ૧,૩૫,૦૦૦ રોકડ આપેલ. અને આ રકમ પેટે -વીણભાઈ માળીએ પોતાના મોટાભાઈ અને હાલના ફરિયાદી એવા રમેશભાઈ ત્રીકમાજી માળી ને નોટરી અને સાક્ષીઓં રૂબરૂ કરારર્લેખ પણ લખી આપેલ.આમ, -વીણભાઈ માળી ની જમીન ગીરવે આપેલ હોવા છતાં, -વીણભાઈ એ ગત તારીખ ૧૪ ઓગસ્ટ ૨૦૧૫ ના રોજ આ જમીન લખીરામ કેશવલાલ બ્રામણ ને વેચાણ દસ્તાવેજ થી વેચી દીધી હતી,અને તેરીતે જમીન ગીરવે હોવા છતાં ડીસા સબરજીસ્ટાર કચેરી એ ખોટી હકીકત જાહેરકરી છેતરપીંડી કરતા વિવાદ છેડાયો હતો.

આ દસ્તાવેજી છેતરપીંડી સાથેના ગુનાની જાણ થતા ફરિયાદી એવા રમેશભાઈ ત્રિકમજી માળી એ ડીસા તાલુકા પોલીસ મથકે કહેવાતા આરોપી એવા -વીણભાઈ ત્રિકમજી માળી ,લખીરામ કેશવલાલ બ્રામણ ,કાન્તિલાલ લખીરામ બ્રામણ, તેમજ ભગાજી ભેમાજી માળી સહીત ચાર વિરુદ્ધ ફરિયાદ આપેલ છે.જે આધારે આ ચારેય વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથક ફર્સ્ટ ગુના રજીસ્ટર નમ્બર ૧૩૫/૨૦૧૫ આઈ.પી.સી.કલમ. ૪૦૬,૪૨૦,૧૨૦ (બી )મુજબ ફરિયાદ નોધી તપાસ હાથ ધરેલ છે. જેની વધુ તપાસ ડીસા તાલુકા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ. એમ.એન.દેસાઈ ચલાવે છે.

## પોલીસ કોન્સ્ટેબલે ટ્રેન નીચે પડતુ મુકીને જીવન ટુંકાવ્યું

શહેરના સોલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવ તા પોલીસ કોન્સ્ટેબલે ટ્રેન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી લીધી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. પોલીસ કોન્સ્ટેબલે સોલા હેબતપુર ગામ ફાટક નજીક ટ્રેન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી જીવન ટુકાવ્યું હતુ. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના સોલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ રાજદિપસિંહ જાડેજા સોલા હેબતપુર ગામ ફાટક નજીક ટ્રેનની નીચે પડતુ મૂકી આત્મહત્ય કરી હતી.

## રંગમંચનું નામ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યક્રમો માટે થતો હોઈ તેનુ નામ કોઈ કલાકાર-કસબી સાથે જોડવામાં આવે છે. જ્યાં પણ આવા હોલ કે રંગમંચ જેવા ઓપન એર થિયેટર છે તેની સાથે ગુજરાતના કોઈ જાણીતા કલાકારનું નામ જોડાયેલુ છે ત્યારે સેક્ટર-૧૬ના રંગમંચનું નામ રાણી લક્ષ્મીબાઈની સાથે કેમ જોડવામાં આવ્યુ તેનો કોઈ તર્ક સમજાતો નથી. ગાંધીનગરને ઉપેન્દ્ર ત્રિવેદીથી લઈને અનેક જાણીતા કલાકારોએ પોતાની કર્મભૂમિ બનાવી હતી ત્યારે આ રંગમંચનું નામ ગાંધીનગરના કોઈ કલાકાર સાથે જોડ્યુ હોત તો વધુ સાર્થક ગણાત.

## માસ્ટર ડિગ્રી કરી શકશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રેજ્યુએટ સમકક્ષ માની આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા આદેશ કર્યો છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુપીએસઈ) દ્વારા વર્ષ ૧૯૮૬ પહેલા દેશમાં લાગૂ બે વર્ષના ગ્રેજ્યુએશન અભ્યાસક્રમને વર્તમાન ત્રણ વર્ષના ગ્રેજ્યુએશન અભ્યાસક્રમ સમકક્ષ ગણવાનો આદેશ જાહેર કર્યો છે. યુજીસીના આ નિર્ણયના કારણે ૧૯૮૬ પહેલા ગ્રેજ્યુએશન કર્યા બાદ સંજોગો વસાત અભ્યાસ છોડી દીધો હોય અને હવે આગળનો અભ્યાસ કરવા માંગતા હોય તેવા તમામ ઉમેદવારો ને મોટી રાહત મળશે. અત્યાર સુધી આ ઉમેદવારોને આગળના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવામાં આવતો ન હતો. તેમજ નોકરીઓમાં પણ તેમની ડિગ્રી માન્ય ન રખાતી હોવાથી આવા ઉમેદવારોને ભારે સમસ્યાનો સામનો કરવો પડતો હતો. જો કે, હવે યુજીસી દ્વારા જાહેર કરવામાં આવેલા નવા પરિપત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે વિદ્યાર્થીઓએ ૪ જૂન ૧૯૮૬ પહેલા બેચલર ડિગ્રી અભ્યાસક્રમ સફળથાપૂર્વક પૂર્ણ કરેલ હોય તેવા તમામ ઉમેદવારોને આજના ત્રણ વર્ષના બેચરલ ડિગ્રીનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર સમકક્ષ માનવામાં આવશે તેમજ વર્તમાન બેચરલ ડિગ્રી બાદ થતાં તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ૧૯૮૬ પહેલા ગ્રેજ્યુએશન કરનાર ઉમેદવારો પણ અરજી કરી શકશે. ઉલ્લેખનીય છે કે, ૧૯૮૬ પહેલાના અને વર્તમાન ગ્રેજ્યુએશન અભ્યાસક્રમમાં એ વર્ષના ડિફરન્ટ હોવાથી જ ૧૯૮૬ પહેલા ગ્રેજ્યુએશન કરનાર ઉમેદવારોએ અત્યારે આગળના કોઈ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવો હોય તો એક વર્ષનો બ્રિજ અભ્યાસ પૂર્ણ કરવો પડતો હતો.

## નહેરોનું નેટવર્ક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જે જિલ્લાના અર્થકારણને નવી દિશા આપવામાં સફળ રહેશે.

જિલ્લામાં નર્મદા કેનાલ મારફતે સિંચાઈની સુવિધાની સાથે સાથે પેયજળની સુવિધા પણ ઉપલબ્ધ બનશે. જિલ્લામાં પેયજળ માટે પાઈપલાઈનથી પાણી પુરૂ પાડવાનું નેટવર્ક પૂર્ણ થઈ ગયેલ હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

જો કે જિલ્લામાં કેનાલમાંથી પેયજળનો પુરવઠો મેળવવા માટે ગ્રામ્ય સ્તરે ઉદાસીન વલણ જોવા મળી રહ્યું છે. આ માટે તંત્ર દ્વારા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે પણ તેમાં કોઈ જ પ્રતિસાદ તંત્રને મળતો નથી તે હકીકત છે.

જિલ્લાના ૧૭૦ જેટલા ગામોમાં પેયજળની ગુણવત્તા સામે પ્રશ્નાર્થો છે. જો કે ખેતી માટે નર્મદાનું પાણી ઉપલબ્ધ બનતાં ખેતી થકી અર્થકારણને નવી દિશામાં આપવામાં સફળતા મળશે તેમ તંત્રના અધિકારીઓ વિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે.

## અંતિમ યાત્રામાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેખાઈ રહી હતી. આ અંતિમ યાત્રા બાદ સ્મશાન પાસે શ્વેતાંગની માતાએ તેને કાંધ આપી હતી આ ઉપરાંત શ્વેતાંગની અંતિમયાત્રાને કાંધ આપવા માટે હજારોની સંખ્યામાં પાાટીદારોએ પણ તૈયારી દર્શાવી હતી. જ્યારે તેની બહેને તેને અગ્નિદાહ આપ્યો હતો. આ પ્રસંગે શ્વેતાંગ પટેલના પરિવારજનો તેમજ ઉપસ્થિત આગેવાનોએ શ્વેતાંગના હત્યારાઓને તાત્કાલિક સજા આપવા માટે પણ માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે, અમદાવાદના બાપુનગરમાં શ્વેતાંગ પટેલના મોતની તપાસ મેજિસ્ટ્રેટને સોંપવામાં આવી છે. આ કેસની તપાસ મેટ્રો કોર્ટના મેજિસ્ટ્રેટને સોંપવામાં આવી છે. હાઈકોર્ટના આદેશ અનુસાર બાપુનગર પોલીસ ઈન્સ્પેક્ટર એફઆઈઆર નોંધે. આ કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સુપરત કરે. બાપુનગરના પોલીસના દમનના લીધે શ્વેતાંગનું પોલીસ કસ્ટડીમાં મૃત્યુ થયું હતું. તેમજ તેમના કુટુંબીજનોએ તેની લાશ લેવાનો ઈન્કાર કર્યો હતો જ્યારે હાઈકોર્ટે આ કેસની તપાસ તેમના કુટુંબીજનોની અરજી પર સીઆઈડી ક્રાઈમને સોંપવાનો આદેશ આપ્યો છે તેમજ આ કેસની સમગ્ર તપાસ મેજિસ્ટ્રેરિયલ દેખરેખમાં કરવામાં આવશે.

## બિલ પરત ખેંચાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત જુના કાયદામાં જ ૧૩ મુદ્દાઓને લાગૂ કરવામાં આવશે. મોદીએ કહ્યું હતું કે, આ મુદ્દાઓથી ખેડૂતોને લાભ થશે. સરકારે વટહુકમ જારી કરીને આ ૧૩ મુદ્દાઓને કાયદામાં સામેલ કરવાનો માર્ગ મોકળો કરી દીધો છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, અમે ખેડૂતોના અભિપ્રાય લેવા માટે પણ તૈયાર છીએ. મોદીએ આ બિલ પર વિપક્ષ તરફથી કરવામાં આવેલા વિરોધને અયોગ્ય ગણાવીને કહ્યું હતું કે, અમે એક્ટને પરત લઈ રહ્યા છીએ. કેટલાક લોકો તરફથી ખેડૂતોના મનમાં ભયનું વાતાવરણ સર્જવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. મોદીએ ઉમેર્યું હતું કે, તમામ અફવાના પરિણામ સ્વરુપે ખેડૂતોમાં દહેશત હતી પરંતુ અમે આવું ઈચ્છતા ન હતા.

મન કી બાત કાર્યક્રમમાં મોદીએ ગુજરાતનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, થોડાક દિવસ પહેલા જ મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની જમીન ઉપર હિંસાનું તાંડવ થઈ ચુક્યુ છે. આનાથી સમગ્ર દેશના લોકો આશ્ચર્યચિકત હતા પરંતુ ગુજરાતના લોકોએ ટૂંકમાં જ હિંસા ઉપર કાબૂ મેળવી લીધો છે. મોદીએ જનધન યોજનાને લોકો તરફથી જે પ્રતિસાદ મળ્યો છે તે અંગે આભાર વ્યક્ત કર્યો હતો અને કહ્યું હતું કે, અમે ગરીબ લોકોની અમીરી જોઈ ચુક્યા છે. બેકિંગ વ્યવસ્થા સાથે જોડાઈ રહેવાની મોદીએ લોકોને અપીલ કરી હતી. સવારે ૧૧ વાગે મન કી બાત રેડિયો કાર્યક્રમના ભાગરુપે મોદીએ દેશને સંબોધન કર્યુંહતું. મન કી બાત કાર્યક્રમના ૧૧માં એપિસોડમાં તેઓએ વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી. ડેન્ગ્યુની સારવાર માટે પણ તેઓએ વાત કરી હતી. હાલમાં દેશમાં ડેન્ગ્યુ રોગચાળાનો આંતક છે. મોદીએ ઉમેર્યું હતું કે, ડેન્ગ્યુના કારણે ઘણા મોતના અહેવાલ મળી ચુક્યા છે. દેશમાં ૫૧૪ સેન્ટરો એવા છે જ્યાં મફત ડેન્ગ્યુની સારવાર આપવામાં આવી રહી છે. ભારતમાં દર વર્ષે આશરે ૫૦૦૦૦ માતાઓ અને ૧૩ લાખ નવજાત શિશુના મોત થઈ જાય છે જે ખુબ જ આઘાતજનક છે. આ દિશામાં પણ આગળ વધવાની જરૂર છે. મોદીએ ૧૯૬૫ના યુદ્ધના વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. સાથે સાથે આ યુદ્ધ સાથે જોડાયેલા જવાનોની વીરતાની પ્રશંસા કરી હતી. જય જવાન જય કિસાન માત્ર સ્લોગન નહીં પરંતુ અમારો મંત્ર છે. મોદીએ વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી.

## ભેખદારીઓ સાથે સાક્ષાત્કાર...

● ત્રીજા પાનાનું ચાલુ

કરશો તો પૈસાની ખોટ નહી પડે, ભગવાન મને શ્રેષ્ઠ કામ કરવા બ્લેન્ક ચેક આપે છે. ગાંધીનગરના નિલેન્દુભાઈ બોલવા કરતા એક્શનમાં વધુ વિશ્વાસ રાખે છે. એટલે તેમણે ટુંકમાં તેમની પ્રવૃત્તિઓ વિશે જણાવ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓના સગાઓને વિના મૂલ્યે જમાડવા, ચક્ષુદાન-દેહદાન એકત્ર કરવા, રક્તદાન શિબિરો કરવી, બિનવારસી મૃતદેહોની અંતિમક્રિયા કરવી જેવા કાર્યોની સુવાસ તેમણે પ્રસરાવી હતી.

હાઉ ટુ લીવ લાઈફ વિધાઉટ સ્ટ્રેસ કાર્યક્રમના પ્રણેતા જે.સી. પટેલે યોગાભ્યાસ થકી સકારાત્મક જીવન જીવવાના ફાયદા જોશીલા અંદાજમાં રજૂ કર્યા હતા. મનુષ્યની ૯૦ ટકા જીંદગી ફરિયાદોમાં જાય છે તેના કરતા પોઝીટીવ કાર્યો તરફ વાળવામાં આવે તો આપોઆપ દિર્ઘાયુ બનાય છે. જે.સી. પટેલે યોગ દ્વારા રોગ નિર્મૂલન, પક્ષીપરબનું વિતરણ, વૃક્ષારોપણ, શ્રમજીવીઓને પગરખા વિતરણ અને ખેતમજૂરોને છાશ વિતરણ જેવા સેવાકાર્યોનો પરિચય આપ્યો હતો. અંતમાં શરદ શાહે રોટરીની પ્રવૃત્તિઓને બિરદાવતા ગાંધીનગરમાં રોટરી ભવનનું નિર્માણ કરવા હાંકલ કરી હતી.

## કંપની સમાચાર

### પ્રભાત ડેરી લિમિટેડના ઈશ્યુ ખુલ્યા

પ્રભાત ડેરી લિમિટેડ (“કંપની”)એ રૂ. ૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેરના આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ) સાથે મૂડીબજારમાં પ્રવેશવાની યોજના બનાવી છે. આ ઈશ્યૂમાં રૂ. ૩૦૦૦ મિલિયનના નવા શેર અને ૧૪,૭૦૬,૦૦૦ સુધીના ઈક્વિટી શેરના વેચાણની ઓફર (ઓફર ફોર સેલ) સામેલ છે, જેમાં નિર્મલ ફેમિલી ટ્રસ્ટ (પ્રમોટર) દ્વારા ૩,૧૫૧,૦૦૦ ઈક્વિટી શેર, ઈન્ડિયા એગ્રિ બિઝનેસ ફંડ લિમિટેડ દ્વારા ૬,૫૮૦,૦૦૦ ઈક્વિટી શેર, રિઅલ ટ્રસ્ટ દ્વારા ૨૩,૦૦૦ ઈક્વિટી શેર અને સોસાયતે દા પ્રમોશન એટ દા પાર્ટિશિપેશન પાઉર લા કોઓપરેશન ઈકોનોમિક (‘ઈશ્યૂ’’) દ્વારા ૪,૯૫૨,૦૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે.ય પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૪૦થી રૂ. ૧૪૭ નક્કી કરવામાં આવી છે. રિટેલ વ્યક્તિગત રોકાણકારોને ઈક્વિટી શેર દીઠ રૂ. પાંચનું ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવે છે. આ ઈશ્યુ શુક્રવારે ૨૮ ઓગષ્ટના રોજ ખુલશે અને મંગળવારે ૧, ૨૦૧૫ના રોજ બંધ થશે.

## Whats app ઓફ...(ચોથા પાનાનું ચાલું...)

સહાનુભૂતિ ને થોડીક
રહેમત જોઈએ છે
હવે ખુદની અટકની
સૌને કિંમત જોઈએ છે
ન લો અન્યાયનો બદલો
હજી અન્યાયથી દોસ્ત
કયા મોઢે પછી કહીશું કે
ઈજ્જત જોઈએ છે?
હૃદયમાં સાચવી છે
આપના હિસ્સાની વ્હાલપ
અનામત જોઈએ છે કે
અનામત જોઈએ છે?

- ડૉ. તેજસ દોશી (Whats app)

- nehalgadhavi101@gmail.com